**– :: આંક–૧ લગત હુકમ ::–**

હાલના કામે રેકર્ડ તથા કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લીધી. હાલના કામે રેકર્ડ ધ્યાને લેતા તપાસ એજન્સી દ્વારા આરોપી વિરૂદ્ધ એફ.આઇ.આર.નોંધી તપાસના અંતે આખરી અહેવાલ રજુ રાખેલ. ઉકત આખરી અહેવાલ આધારે અદાલત દ્વારા ગુનાનુ સંજ્ઞાન લેવામા આવેલ છે. આ ઉપરાંત હાલના કેસની કાર્યવાહી ઘણા લાંબા સમયથી આરોપી વિરૂદ્ધ પ્રોસેસની બજવણી સારૂ પડતર રહેલ છે. અદાલત દ્વારા  આરોપી વિરૂદ્ધ પ્રોસેસ ઇસ્યુ કરી સબંધિત હકુમત ધરાવતા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવામા આવેલ છે. તેમ છતા પોલીસ તંત્ર (ફરીયાદપક્ષ) આરોપીને અત્રેની અદાલત સમક્ષ હાજર રાખવામા સફળ નિવડેલ નથી. આમ, હાલના કામે અત્રેની અદાલત દ્વારા ફરીયાદપક્ષને હાલના આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા માટે પુરતી તક આપવામા આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષ આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી કે નજીકના ભવિષ્યમા આરોપી મળી આવે તેવી કોઇ શકયતા જણાતી નથી. આમ, હાલના કેસનો પ્રકાર અને સંજોગો ધ્યાને લેતા હાલનો કેસ વધુ સમય અદાલત સમક્ષ પડતર રહેવા દેવામા આવે તો નાગરીકો અને પક્ષકારોના ઝડપી ન્યાયના અધિકારમા અંતરાયરૂપ બનવા પામશે તેમ જણાઇ આવે છે. વધુમા ફરીયાદપક્ષના અધિકારોનુ રક્ષણ થાય તે પણ ધ્યાને લેવુ જરૂરી જણાતુ હોય આ અંગે કેસનો નિકાલ કરતા સમયે ફરીયાદપક્ષના આરોપી વિરૂદ્ધ ન્યાયિક કાર્યવાહી કરવાના અધિકારને રક્ષિત કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ જણાય છે, જેથી ઉકત તમામ હકીકતો અને કાયદાકીય ચર્ચાને અંતે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**::હુકમ::**

1. હાલના કેસની આરોપી સામેની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામા આવે છે.
2. મુદ્દામાલ અંગે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામા આવે છે, વિકલ્પે અપીલ સમય વિત્યા બાદ મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.
3. હાલના કામે જો કોઇ રોકડ જામીનગીરી જમા હોય તો તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે
4. સદરહુ કેસના કામે ભવિષ્યમા આરોપી પકડાય અગર તો ફરીયાદપક્ષ દ્વારા તેને રજુ કરવામા આવે તો સદરહુ કેસની કાર્યવાહી જે તે તબકકેથી શરૂ કરવાના ફરીયાદપક્ષના હકકને આથી અબાધિત રાખવાનો હુકમ કરવામા આવે છે.
5.

હુકમ આજરોજ તા.૨૨ મી માહે જુન સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમા સ્પેશીયલ સીટીંગ દરમ્યાન જાહેર કરવામા આવ્યો.

Place :– આમોદ.
Date :– 22/06/2024

(કુલદીપ મુકેશકુમાર ગઢવી)
જયુ.મેજી.ફ.ક.
આમોદ
GJ01555